# સરકારી પોલિટેકનીક-ભુજ

## બોય્ઝ હોસ્ટેલના નિયમો

૧. હોસ્ટેલ રૂમની ફાળવણી રેક્ટર દ્વારા કરવામાં આવશે.

૨. વિદ્યાર્થીએ ફાળવેલ રૂમમાં જ રહેવું પડશે તેમજ રૂમની અદલાબદલી થઈ શકશે નહીં.

૩. રેક્ટર કોઈપણ કારણ આપ્યા સિવાય વિદ્યાર્થીને એક રૂમમાંથી અન્ય રૂમમાં સ્થળાંતર કરી શકશે.

૪. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્રની મધ્યમાં હોસ્ટેલ ખાલી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો તેઓને અનિવાર્ય સંજોગો હેઠળ હોસ્ટેલ છોડવી હોય તો વાલીએ રેક્ટરને રૂબરૂમાં પત્ર લખી જાણ કરવી. હોસ્ટેલ ફી પરત મળશે નહીં. ફક્ત હોસ્ટેલ બાહેંધરી અનામત સત્રનાં અંતે પરત મળશે.

૫. હોસ્ટેલ ખાલી કરતાં સમયે વિદ્યાર્થીએ તેમના રૂમની સોંપણી તથા તેમને આપવામાં આવેલ વસ્તુઓ/ફર્નિચર સારી પરિસ્થિતિમાં રેક્ટરને પરત કરી નો-ડ્યૂ સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

૬. વિદ્યાર્થીએ હોસ્ટેલ પ્રવેશ માટેની અરજી દરેક સેમેસ્ટરે કરવાની રહેશે.

૭. વાલી/મહેમાનોને રાત્રિ દરમ્યાન હોસ્ટેલમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૮. વિદ્યાર્થીને હોસ્ટેલ ઓળખ પત્ર આપવામાં આવશે. વિદ્યાર્થી પાસે ઓળખ પત્ર જ્યારે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

૯. વિદ્યાર્થીઓને રૂમમાં મોંઘા ઘરેણાં, રોકડ રકમ કે અન્ય કીમતી ચીજવસ્તુઓ ન રાખવા સલાહ આપવામાં આવે છે, જેની જવાબદારી સંસ્થાની રહેતી નથી.

૧૦. વિદ્યાર્થીઓએ દરવાજા અને બારીઓ સહિત રૂમને તાળું/લોક કરી રૂમની બહાર જવું તથા ચોરી ટાળવા માટે તેમના સામાનને લોક/તાળું રાખવા સલાહ આપવામાં આવે છે.

૧૧. હોસ્ટેલ મેનેજમેન્ટ વિદ્યાર્થીની બેદરકારીના કારણે મિલકત કે કીમતી ચીજવસ્તુઓને થયેલ નુકશાન માટે જવાબદાર રહેશે નહીં, છતાં મેનેજમેન્ટ પર્યાપ્ત સુરક્ષા પૂરી પાડશે. રેક્ટર/આચાર્યશ્રીની પરવાનગી વગર વિદ્યાર્થીએ પોલીસ ફરિયાદ દાખલ કરવી નહીં.

૧૨. વિદ્યાર્થીએ રૂમ છોડતા પહેલા રૂમની અંદરની બધી સ્વિચો બંધ કરવા જણાવવામાં આવે છે.

૧૩. વિદ્યાર્થીને રૂમ, હોસ્ટેલ લોબી કે હોસ્ટેલનાં અન્ય કોઈ ભાગમાંથી ઇલેક્ટ્રીક ગેજેટ જેવા કે બલ્બ, ટ્યૂબલાઇટ, પંખા કે હોલ્ડર નીકાળવાની પરવાનગી નથી.

૧૪. વિદ્યાર્થી દ્વારા ઇલેક્ટ્રીક ઉપકરણો જેવા કે ઇલેક્ટ્રીક સ્ટવ, ટેપ રેકોર્ડર, VCR/VCD, વોટર હીટર, ઇસ્ત્રી, ફૂલર, AC ના ઉપયોગ પર પ્રતિબંધ છે. કસૂરવાર પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે.

૧૫. વિદ્યાર્થી દ્વારા ગેસ સ્ટવ/સિલિન્ડરનાં ઉપયોગ પર પણ પ્રતિબંધ છે. કસૂરવાર પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે.

૧૬. હોસ્ટેલ દ્વારા પૂરી પાડવામાં આવેલ ફર્નિચર રૂમની બહાર કાઢવો નહીં તેમજ અદલાબદલી કરવી નહીં.

૧૭. વિદ્યાર્થીઓને રૂમ, બાથરૂમ, શૌચાલયની દીવાલ, બારી, દરવાજા, ટેબલ, ખુરશી, પલંગ/કોટ કે હોસ્ટેલનાં અન્ય કોઈ ભાગમાં લખાણ કે પોસ્ટર અને ચિત્રો ચોંટાડવાની મનાઈ છે. આ બાબતે ગંભીરતાથી કાર્યવાહી કરવામાં આવશે.

**વાલીનું નામ અને સહી** **વિદ્યાર્થીનું નામ અને સહી**

**સ્થળ: ભુજ** **સ્થળ: ભુજ**

# સરકારી પોલિટેકનીક-ભુજ

## બોય્ઝ હોસ્ટેલના નિયમો

૧૮. વિદ્યાર્થીઓએ હંમેશા રૂમ, બાથરૂમ અને શૌચાલયને સ્વચ્છ રાખવા. કચરો કચરાપેટીમાં જ નાખવો.

૧૯. વિદ્યાર્થીઓને તેમના રૂમ કે હોસ્ટેલના અન્ય કોઈ ભાગમાં ખતરનાક શસ્ત્રો કે સાધનો રાખવાની મનાઈ છે.

૨૦. વિદ્યાર્થીએ હોસ્ટેલ બિલ્ડિંગ કે અન્ય કોઈ ફર્નિચર કે તેના ફીટીંગને નુકશાન પહોંચાડવું નહીં.

૨૧. હોસ્ટેલના સંકુલમાં ધૂમ્રપાન, દારૂ/ડ્રગ્સ પીવાની, જુગાર રમવાની સખત મનાઈ છે.

૨૨. ચોરી, ગેરવર્તન, હોસ્ટેલ સત્તાધિકારીઓની આજ્ઞાભંગ અને દારૂ/ડ્રગ્સ જપ્ત થવા જેવા ગુનાઓ માટે વિદ્યાર્થીની હોસ્ટેલમાંથી હાંકી કાઢવામાં આવશે.

૨૩. વિદ્યાર્થીઓએ રેકટર/આચાર્યશ્રીની પૂર્વ પરવાનગી વગર હોસ્ટેલ કે કોલેજ સંકુલમાં કોઈ કાર્યક્રમ/સમારોહ કે સભા ગોઠવવાની પરવાનગી નથી.

૨૪. વિદ્યાર્થીએ સંકુલમાં રાજકારણ, હિંસા, રમખાણો, કોમી લાગણીઓની ઉશ્કેરણી કે બહારની સંસ્થાઓ સાથે વ્યવહાર રાખવો નહીં.

૨૫. હોસ્ટેલમાં કે તેની આસપાસ ધાર્મિક મેળાવડો, પ્રાર્થના સભાઓ, ભજનો વગેરે કરવાની પરવાનગી નથી.

૨૬. જો વિદ્યાર્થી ઘરે જવા ઇચ્છતો હોય તો તેણે ઓછામાં ઓછા બે દિવસ પહેલા હોસ્ટેલ રજા પત્ર (નિયત નમૂનામાં) રેકટરને જમા કરવવાનો રહેશે.

૨૭. માંદગી અને રોગના કિસ્સાઓમાં રેકટરને તરત જ જાણ કરવી.

૨૮. રેગીંગની સખત મનાઈ છે તથા રેગીંગમાં સામેલ સામે સરકારી હુકમો અને કોલેજનાં નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

૨૯. ગેરવર્તણૂક, નિયમો અને કાયદાઓનું ઉલ્લંઘન અને સંસ્થાની પ્રતિષ્ઠાને નુકશાન કરતી પ્રવુત્તિઓ વિદ્યાર્થીને શિસ્તભંગ માટે તેમજ હોસ્ટેલ અને કોલેજમાંથી હકાલપટ્ટી માટે જવાબદાર રહેશે.

૩૦. આચાર્યશ્રી વિદ્યાર્થીને શિસ્તભંગ માટે કોલેજમાંથી સસ્પેન્ડ કરશે તો તે આપોઆપ હોસ્ટેલમાંથી પણ સસ્પેન્ડ થઈ જશે.

૩૧. રેક્ટર દંડ, સસ્પેન્શન અથવા હોસ્ટેલમાંથી હકાલપટ્ટી સ્વરૂપે કોઈપણ પગલાં કે સજા આપવા માટે સંપૂર્ણ સત્તા ધરાવે છે.

૩૨. વિદ્યાર્થીઓએ અવાજ/ઘોંઘાટ કરી ધ્વનિ પ્રદુષણ કરવાની મનાઈ છે.

૩૩. હોસ્ટેલમાં મહિલા મુલાકાતીઓને મંજૂરી નથી.

34. વિદ્યાર્થીએ રાત્રે મોડામાં મોડા ૧૦:૦૦ વાગે પોતાનાં રૂમમાં હાજર થઈ જવાનું રહેશે, ત્યારબાદ વિદ્યાર્થીને હોસ્ટેલમાં પ્રવેશ મળશે નહીં.

૩૫. વિદ્યાર્થીએ રૂમ લાઇટનો વપરાશ રાત્રીનાં ૧૧:૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે.

૩૬. હોસ્ટેલનાં નિયમો અને કાયદાઓનાં અર્થઘટન માટે રેક્ટર/આચાર્યશ્રીનો નિર્ણય અંતિમ રહેશે.

૩૭. ઉપરનાં નિયમો ઉપરાંત, હોસ્ટેલ વહીવટી સમિતિ દ્વારા સમય સમયે ઘડવામાં આવતા નિયમો અને કાયદાઓનું પણ સખતપણે પાલન કરવાનું રહેશે.

**વાલીનું નામ અને સહી** | **વિદ્યાર્થીનું નામ અને સહી**

**સ્થળ: ભુજ** | **સ્થળ: ભુજ**